પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૯૩ ૪ જાન્યુઆરી, ૨૦૨૦, શનિવાર; પોષ સુદ - ૯ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## વિશ્વયુદ્ધના ભણકારા

# અમેરિકાની ઈરાન પર 'એર સ્ટ્રાઈક' 'બાહુબલી' જનરલ સુલેમાની ઠાર



- ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ હવાઈ હુમલો
- ઇરાની કુર્દ ફોર્સના પ્રમુખ સુલેમાનીના કાફલા પર બગદાદમાં હુમલો
- જનરલ સહિત આઠ લોકોના મોત
- અમેરિકા-ઇરાન આમને-સામને-વૈશ્વિક તંગદીલી
- અમેરિકાને હંફાવનાર લશ્કરી વડા માર્યા જતાં ટ્રમ્પે રાષ્ટ્રધ્વજ મૂકીને જાહેરાત કરી
- સુલેમાનીની હત્યા બદલ ઈરાને ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો
- ઇરાન સમર્થિત ફોર્સના ડેપ્યુટી કમાન્ડરનું પણ મોત
- ઇરાન-અમેરિકા વચ્ચેના સંબંધો વિસ્ફોટક સ્તરે
- સીરિયા અને ઈરાકમાં રિવોલ્યુશનરી ગાર્ડ્સની વિદેશી બ્રાન્ચમાં સુલેમાનીની મહત્વની ભૂમિકા

વૉશિંગ્ટન, તા. ૩

અમેરિકા અને ઈરાન વચ્ચે સંબંધો ફરી એકવાર વિસ્ફોટક સ્થિતિએ પહોંચી ગયા છે. એકાએક કરવામાં આવેલા અમેરિકાના હવાઈ હુમલામાં ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના કમાન્ડર કાસીમ સુલેમાનીના મોત બાદ સમગ્ર વિશ્વમાં દહેશત ફેલાઈ ગઈ છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના મેજર જનરલ કાસીમ સુલેમાનીએ ઈરાકમાં એક ઓપરેશનમાં મોતને ઘાટ ઉતારી દીધા બાદ અમેરિકા અને અખાત દેશ વચ્ચે તંગદિલી





વધી ગઈ છે. આગામી દિવસોમાં તેની સીધી અસર સમગ્ર વિશ્વમાં જોવા મળી શકે છે. ઈરાનની અતિશક્તિશાળી અને કુશળ કુર્દ ફોર્સના પ્રમુખ સુલેમાનીનો કાફલો બગદાદ એરપોર્ટ તરફ જઈ રહ્યો હતો ત્યારે અમેરિકાએ એકાએક હવાઈ હુમલો કરી દીધો હતો. આ હુમલામાં ઈરાન સમર્થિત પોપ્યુલર મોબલાઈઝેશન ફોર્સના ડેપ્યુટી કમાન્ડર અબુ મહેંદી અલ મુહાદીશનું પણ મોત થયું છે. મોડેથી અમેરિકાએ જાહેરાત કરી હતી કે, સુલેમાનીને મોતને ઘાટ

● અનુસંધાન પાન-૭ પર

## અમેરિકાના હવાઈ હુમલાથી વિશ્વ સ્તબ્ધ

**ઇઝરાયેલ સહિતના દેશોમાં હાઈએલર્ટ જાહેર : ઇરાન સાથીઓ દ્વારા હુમલા કરાવી શકે તેવી ઇઝરાયેલને દહેશત : સંયમ જાળવવા રશિયા અને ફ્રાંસ દ્વારા અનુરોધ**

વોશિંગ્ટન, તા. ૩

ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડના મેજર જનરલ કાસીમ સુલેમાનીને ઈરાકમાં એક ઓપરેશનમાં અમેરિકાએ હવાઈ હુમલો કરીને મોતને ઘાટ ઉતારી દીધા બાદ વિશ્વના દેશો હચમચી ઉઠ્યા છે. સુલેમાનીના મોત બાદ દુનિયાભરના દેશોએ જુદી જુદી પ્રતિક્રિયાઓ આપી છે. કોઈ દેશે સંયમ જાળવી રાખવા માટે અમેરિકાને કહ્યું છે જ્યારે કોઈ દેશે અમેરિકાથી બદલો લેવાની વાત કરી છે. રશિયાએ પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, અમેરિકાના આ પગલાથી અખાત દેશ સાથે તંગદિલી વધશે. રશિયન વિદેશમંત્રાલય દ્વારા કહેવામાં આવ્યું છે કે, સુલેમાનીની હત્યા એક ખતરનાક પગલા તરીકે છે. આનાથી સ્થિતિ વણસી જશે. ફ્રાંસે પણ રશિયાના નિવેદનને દોહરાવીને કહ્યું છે કે, ઈરાની જનરલની હત્યા બાદ દુનિયા વધુ ખતરનાક બની ગઈ છે. બીજી બાજુ ચીને અમેરિકા અને ઈરાન બંને દેશોને સંયમ જાળવી રાખવા માટે કહ્યું છે. અમેરિકાના આ પગલાથી ઈઝરાયેલની ચિંતા વધી ગઈ છે. તેને ભય સતાવી રહ્યો છે કે, ઈરાનના સમર્થનવાળા લેબનોન ગ્રુપ દ્વારા હુમલો કરવામાં આવી શકે છે. આના પરિણામ સ્વરુપે ઈઝરાયેલે ગોલન સ્કીને બંધ કરવાનો નિર્ણય કર્યો છે. હિઝબુલ્લા ગ્રુપ દ્વારા બદલો લેવાની વાત કરવામાં આવી છે. ઈઝરાયેલે તેની સેનાને હાઈએલર્ટ પર મુકી દીધી છે.

## હુમલાનો બદલો લેવા માટે ઈરાને કડક ચેતવણી આપી

**અમેરિકા જઘન્ય અપરાધનો બદલો લેવાશે : રુહાની**

વૉશિંગ્ટન,તા. ૩

ઈરાકી પાટનગર બગદાદમાં અમેરિકાના હવાઈ હુમલામાં ઈરાની ફોર્સના પ્રમુખ સુલેમાનીના મોત બાદ ઈરાને બદલો લેવાની ધમકી આપી દીધી છે. ઈરાનના પ્રમુખ હસન રુહાનીએ કહ્યું છે કે, ઈરાન કમાન્ડર કાસીમ સુલેમાનીની હત્યાનો બદલો લેશે. રુહાનીએ ઈરાની વેબસાઈટ ઉપર નિવેદન જારી કરીને કહ્યું છે કે, આ બાબતમાં કોઈ શંકા નથી કે, મહાન રાષ્ટ્ર ઈરાન અને ક્ષેત્રના અન્ય આઝાદ દેશો અપરાધી અમેરિકાના આ જઘન્ય કૃત્યનો બદલો લેશે. બીજી બાજુ ઈરાનના સુપ્રીમ લીડર અયાતુલ્લાએ અમેરિકાને ચેતવણી આપતા કહ્યું છે કે, મોટો બદલો લેવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## ન્યુઝ ટ્રેક

**ચિદમ્બરમની મુશ્કેલીઓ ફરી વધી**

એર ઈન્ડિયા માટે એરબસ અને બોઈંગ વિમાન ખરીદવાના મામલે એન્ફોર્સમેન્ટ ડિપાર્ટમેન્ટ પૂર્વ કેન્દ્રિય મંત્રી પી. ચિદમ્બરમની પૂછપરછ કરી રહી છે. ગત તા. ૪ ડિસેમ્બરના રોજ તેમને સુપ્રિમ કોર્ટમાંથી જામીન મળ્યા હતા.

**પ. બંગાળમાં ફટાકડાની ફેક્ટરીમાં બ્લાસ્ટ : પાંચના મોત**

પશ્ચિમ બંગાળના નોર્થ-૨૪ પરગણા જિલ્લાના નૌહાટી વિસ્તારમાં એક ફટાકડાની ફેક્ટરીમાં વિસ્ફોટ થતા પાંચ લોકોના મૃત્યુ નિપજ્યા છે. ફાયરબ્રિગેડ રાહત અને બચાવ કાર્યમાં જોડાઈ છે.

**જમ્મુ-કાશ્મીરમાં માઈન બ્લાસ્ટ : ચારને ઈજાઓ**

જમ્મુ-કાશ્મીરના નૌશેરા સેક્ટરના કલાલ વિસ્તારમાં જોરદાર માઈન બ્લાસ્ટ થયો છે. આ ધડાકામાં સેનાના લેફ્ટનન્ટ સહિત ચાર જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા છે. ઘાયલોને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

**સોનાના ભાવમાં ફરી ઉછાળો**

અમેરિકા અને ઈરાક વચ્ચે તંગદીલી વધી રહી છે. જેની સીધી અસર બજારો પર જોવા મળી. સોનામાં એક ઝાટકે ૪૦૦ રૂ.નો ઉછાળો આવતા સોનાના ભાવ ૪૦,૦૦૦ની સપાટીએ પહોંચી ગયા છે. ચાંદીનો ભાવ પણ ૫૦૦ રૂ. વધીને ૪૭,૫૦૦એ પહોંચ્યો છે.

**મોદી પાકના રાજદૂત છે ? મમતાનો સવાલ**

પ. બંગાળના મુખ્યમંત્રી મમતા બોનર્જીએ એક રેલી દરમ્યાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો અને પુછ્યુ કે તેઓ ભારતની સરખામણી વારંવાર પાકિસ્તાન સાથે શા માટે કરે છે. તેઓ ભારતના વડાપ્રધાન છે કે પાકિસ્તાનના રાજદૂત ? તેમના આ સવાલથી રાજકારણ ગરમાયુ છે.

# સીએએ મામલે મોદી સરકાર એક ઈંચ પણ પીછેહઠ કરશે નહીં

**જોધપુરમાં અમિત શાહના વિરોધી પર પ્રહારો : કોંગ્રેસી લોકો વોટબેંકની લાલચમાં હોબાળો મચાવી રહ્યા છે : રાહુલને ઇટાલિયન કોપી મોકલવા માટે કરેલી ટકોર**

જોધપુર, તા. ૩

કેન્દ્રીય ગૃહમંત્રી અને ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહે આજે રાજસ્થાનના જોધપુરમાં નાગરિક સુધારા કાનૂનના સમર્થનમાં એક રેલીને સંબોધન કર્યું હતું. રેલી દરમિયાન અમિત શાહે કહ્યું હતું કે, સીએએ પર કોંગ્રેસે વોટબેંક માટે દુષ્પ્રાચર કર્યું છે જેથી ભાજપને કાનૂનના સમર્થનમાં જનજાગરણ અભિયાનની શરૂઆત કરવાની ફરજ પડી છે. રાહુલ ગાંધી ઉપર પ્રહાર કરતા શાહે કહ્યું હતું કે, જો તેઓ સીએએ પર ચર્ચા કરવા માટે ઈચ્છુક છે તો કોઈપણ જગ્યાએ આવી શકે છે. જો કાનૂનને વાંચવા માટે તૈયાર નથી તો ઈટાલિયન ભાષામાં અનુવાદ કરીને મોકલાવી શકીએ છીએ. ગૃહમંત્રીએ કોટાની હોસ્પિટલમાં બાળકોના મોતના મામલામાં રાજસ્થાનની કોંગ્રેસ



સરકારની ઝાટકણી કાઢી હતી. રેલીમાં અમિત શાહે લોકોને ભાજપ દ્વારા સીએએના સમર્થનમાં કરવામાં આવી રહેલા અભિયાનમાં ટેકો આપવા લોકોને અપીલ કરી હતી. સાથે સાથે ટોલ ફ્રી નંબર પર મિસકોલ પણ કરાવ્યો હતો. શાહે કોટાની જેકે લોન હોસ્પિટલમાં બાળકોના મોતને લઈને મુખ્યમંત્રી અશોક ગહેલોતની ઝાટકણી કાઢી હતી. સાથે સાથે કોંગ્રેસ ઉપર સાવરકરના અપમાનને લઈને પ્રહાર કર્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોટામાં જે બાળકોના મોત થઈ રહ્યા છે તેમની માતાઓની પીડા કોંગ્રેસને સહન કરવાની રહેશે. વિપક્ષને પડકાર ફેંકતા અમિત શાહે કહ્યું હતું કે, કોંગ્રેસ પાર્ટીના લોકો, મમતા બેનર્જી, સમાજવાદી પાર્ટી, બહુજન સમાજ પાર્ટી, ડીએમકેના લોકો વિરોધ કરી રહ્યા છે. તેઓ આ તમામ પાર્ટીઓને પડકાર ફેંકવા માંગે છે કે, કોઈપણ જગ્યાએ આ કાનૂનમાં ચર્ચા માટે મેદાનમાં આવી શકે છે. આ કાનૂનને લઈને કોઈપણ બાંધછોડ કરવા અથવા તો વિરોધ પક્ષોના દબાણ સમક્ષ ઝુંકવાનો અમિત શાહે આજે ઈન્કાર કર્યો હતો.

# મેરઠમાં મસ્જિદ પાસે પાક જીન્દાબાદના નારા લાગ્યા

**પાક જીન્દાબાદના નારા લગાવનાર એક ઝડપાયો : અન્ય તોફાની તત્વો ફરાર : સંવેદનશીલ વિસ્તારમાં ખુબ સઘન સલામતી વ્યવસ્થા**

મેરઠ, તા. ૩

પશ્ચિમ ઉત્તરપ્રદેશના મેરઠ જિલ્લામાં આજે એક મસ્જિદની પાસે દેશ વિરોધી નારા લગાવવાના મામલામાં એક યુવકની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના કહેવા મુજબ આજે જિલ્લાની તમામ મસ્જિદોમાં મજબૂત સુરક્ષા વચ્ચે શુક્રવારની નમાઝ અદા કરવામાં આવી હતી. મોટાભાગની મસ્જિદોમાં દેશમાં શાંતિ સુરક્ષા માટે નમાઝ અદા કરવામાં આવી હતી. બીજી બાજુ મેરઠના મવાના વિસ્તારમાં એક મસ્જિદની પાસે પાકિસ્તાન જિંદાબાદના નારા લગાવતા એક યુવકની ધરપકડ કરી લેવામાં આવી હતી.

અજય સહાનીએ માહિતી આપતા કહ્યું છે કે, મવાના વિસ્તારમાં મસ્જિદની પાસે સ્થાનિક દુકાનદારની સૂચના બાદ એક યુવકની ધરપકડ કરવામાં આવી હતી. યુવકનું નામ અબુજર હોવાનું જાણવા મળ્યું છે. તેના ઉપર એવો આક્ષેપ કરાયો છે કે, તે પોતાના સાથીઓની સાથે અહીં પાકિસ્તાન જિંદાબાદના નારા લગાવી રહ્યો હતો. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, અબુજરની ધરપકડ કરી લેવામાં આવી છે જ્યારે તેના અન્ય સાથીઓ ફરાર થઈ જવામાં સફળ રહ્યા હતા. બીજી બાજુ શુક્રવારના દિવસે અન્ય કોઈપણ જગ્યાએ કોઈ હિંસાના બનાવ બન્યા ન હતા. મેરઠની મસ્જિદો અને સંવેદનશીલ સ્થળો ઉપર મજબૂત સુરક્ષા વ્યવસ્થા રાખવામાં આવી હતી. મેરઠમાં સૌથી સંવેદનશીલ હાપુડ વિસ્તારમાં પણ જનજીવન સામાન્ય રહ્યું હતું. પશ્ચિમી ઉત્તરપ્રદેશના સહારનપુરમાં શુક્રવારની નમાઝ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે અદા કરવામાં આવી હતી.

## કાશ્મીરમાં અંકુશરેખા પાસે સુરંગ ધડાકો

જમ્મુ, તા. ૩

જમ્મુ કાશ્મીરના રાજૌરી જિલ્લામાં આજે એક લેન્ડમાઈન બ્લાસ્ટ થતાં સેનાના ચાર જવાન ઘાયલ થયા હતા. માઈન બ્લાસ્ટની ઘટના રાજૌરી નજીક અંકુશરેખા પાસે બની હતી. આ ઘટનામાં ઘાયલ થયેલા જવાનોને ઉધમપુરની લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. શુક્રવારના દિવસે નૌશેરા જિલ્લાના કલાલ સેક્ટરમાં અંકુશરેખા પાસે માઈન બ્લાસ્ટ થયો હતો. આ ઘટનામાં ભારતના એક લેફ્ટી સહિત ચાર જવાન ઘાયલ થયા હતા. ઘાયલ થયેલા જવાનોને રાજૌરી લશ્કરી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. ઘાયલ થયેલા જવાનો પૈકી તમામની હાલત સુધારા ઉપર છે. ૩૧મી ડિસેમ્બરના દિવસે પણ નૌશેરામાં આવો જ એક બ્લાસ્ટ થયો હતો જેમાં એકને ઈજા થઈ હતી.

# રાજસ્થાનમાં વિક્રમજનક ઠંડી : જનજીવન અસ્તવ્યસ્ત

**છેલ્લા કેટલાક દશકની સૌથી વધારે ઠંડી : લોકોને બપોર સુધી ઘરમાં રહેવાની ફરજ પડી : હિમાચલ અને જમ્મુ કાશ્મીરના ઉંચાણવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા**



નવી દિલ્હી,તા. ૩

ઉત્તર ભારતમાં કાતિલ ઠંડીના કારણે જનજીવન સંપૂર્ણપણે ઠપ્પ થઈ ગયુ છે. દેશના મોટા ભાગના વિમાનીમથક પર ધુમ્મસની ચાદર ફેલાઈ જવાના કારણે વિમાની સેવાને માઠી અસર થઈ છે. રાજસ્થાનમાં છેલ્લા કેટલાક દશકની સૌથી વધારે ઠંડી પડી રહી છે. લોકો બપોર સુધી પણ ઘરની બહાર પણ નિકળી રહ્યા નથી. તીવ્ર ઠંડીના કારણે લોકોને અનેક ગરમ વસ્ત્રો એક સાથે પહેરવાની ફરજ પડી રહી છે. અનેક ફ્લાઈટો નિર્ધારિત સમય મુજબ ઉંડાણ ભરી શકી નથી. જેથી યાત્રીઓને એરપોર્ટ પર અટવાઈ જવાની ફરજ પડી હતી. જમ્મુ કાશ્મીર, હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા હજુ થઈ રહી છે. સાથે સાથે મેદાની ભાગોમાં પારો વધુ ગગડી ગયો છે. આગામી દિવસોમાં હાલમાં કોઈ રાહત મળે તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. દેશના કેટલાક ભાગોમાં માઈનસમાં તાપમાન પહોંચી ગયુ છે. હિમવર્ષા અને કાતિલ ઠંડી વચ્ચે માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર સેવાને બંધ કરવાની ફરજ પડી છે. જમ્મુ કાશ્મીરના નિવાસી જિલ્લામાં ભારે હિમવર્ષાના કારણે હાલત કફોડી બની ગઈ છે. માતા વૈષ્ણોદેવી મંદિર માટે હેલિકોપ્ટર અને કેબલ કાર સેવા બંધ કરી દેવામાં આવી છે. બીજી બાજુ હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષા જારી છે. રાજ્યના કેલાંગ વિસ્તારમાં ૨૦ સેમી બરફ પડતા જનજીવન ખોરવાઈ ગયું છે. ચારેબાજુ બરફના થર જામી ગયા છે. પંજાબ, હરિયાણા અને રાજસ્થાન તેમજ ઉત્તરપ્રદેશ કાતિલ ઠંડીના સકંજામાં છે અને લઘુત્તમ તાપમાનમાં ઉલ્લેખનીય ઘટાડો થઈ રહ્યો છે. જમ્મુ કાશ્મીરમાં આજે સવારે તાપમાનમાં ઘટાડો થયો હતો. લોકો ઘરમાં રહેવાનું પસંદ કરી રહ્યા છે. જો કે, હવામાન વિભાગે ૧૦મી જાન્યુઆરી બાદ સ્થિતિમાં સુધારો થશે તેવી વાત કરી છે. રાજ્યમાં શહેરી અને ગ્રામિણ વિસ્તારોમાં માર્ગો ઉપર વાહનો દેખાઈ રહ્યા નથી. વિમાનીમથકે ઝિરો વિજિબિલીટી થવાના કારણે સાવચેતીના પગલારૂપે વિમાની સેવાને થોડાક સમય માટે રોકવામાં આવી હતી. જો કે ટ્રેન સેવાને પણ કલાકોની અસર થઈ હતી.

ગાંધીનગર માટે
આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી
ફક્ત ફોન કરો
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225